શ્રી

નવગ્રહના ગોલગંજીફાની

રમત.

એ ચોપડી

રા. રા. ચિં. સ. દેવળે. એઓને

મુંબઈ વૈભવ પ્રેસમાં છપાયલું છે.

અને રા. રા. શંકર સખારામ હેન્દ્રે—એઓને

પ્રસિદ્ધ કર્યો છે.

સને ૧૯૧૨

નવગ્રહમાંથી

પ્રત્યેક ગ્રહના રાજા જુદા જુદા હોય છે.

રવિ, સોમ, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ.

પ્રત્યેક ગ્રહ દીઠ પાનાં કેટલાં ?

ગ્રહની રાશિ બાર હોય છે તે પ્રમાણે બાર બાર પાનાં.

બધું મળી પાનાં કેટલાં ?

નવગ્રહ અને દરેક ગ્રહનાં પાનાં બાર; એટલે એકંદર પાનાં ૧૦૮. એ બાર બારમાં બબ્બે ચિત્ર, અને બાકીનાં દશ દશ પાનાં.

ગ્રહોનાં પાનાનાં જુદા જુદા રંગ.

રવિનાં પાનાનો રંગ પીળો, સોમનો પાનાનો રંગ લીલો, મંગળનો લાલ, બુધનો નારંગી, ગુરૂનો કેસરી, શુક્રનો સફેદ, શનિનો ભૂરો, રાહુનો જાંબળી તથા કેતુનો કાળો રંગ હોય છે.

નવ ગ્રહનાં જુદાં જુદાં વાહનો.

રવિ રાજાનું વાહન—સાતમુખી ઘોડો.
સોમ રાજાનું વાહન—હરણ

મંગળ રાજાનું વાહન—બકરો.
બુધ રાજાનું વાહન—વાઘ.
ગુરૂ રાજાનું વાહન—હાથી.
શુક્ર રાજાનું વાહન—ઘોડો.
શનિ રાજાનું વાહન—નંદી.
રાહુ રાજાનું વાહન—સિંહ.
કેતુ રાજાનું વાહન—માછલું.

દરેક ગ્રહનાં પાનાં પર તે તે ગૃહના રાજાનાં વાહનો ચિત્ર્યાં હોય છે. જેમ કે

રવિના પાનાં પર—સપ્તમુખી ઘોડો.
સોમના પાનાંપર—હરણ.

વિગેરે વિગેરે.

રવિરાજા ગ્રહનાં પાનાં.

બારમા નંબરના પાનાંપર સાતમુંખી ઘોડાવાળા રથમાં બેઠેલો રવિ રાજા.

અગીયારમાં નંબરના પાનાપર સાતમુખી ઘોડાપર બેઠેલો રવિ પ્રધાન.

દસ નંબરના પાનાપર દશ સપ્તમુખી ઘોડા,
નવ નંબરના પાનાપર નવ સપ્તમુખી ઘોડા
આઠ નંબરના પાના પર આઠ સપ્તમુખી ઘોડા,
સાત નંબરના પાનાપર સાત સપ્તમુખી ઘોડા,
૭ નંબરના પાનાપર ૭ સપ્તમુખી ઘોડા.
પાંચ નંબરના પાનાપર પાંચ સપ્તમુખી ઘોડા,
ચાર નંબરના પાનાપર ચાર સપ્તમુખી ઘોડા,
ત્રણુ નંબરના પાનાપર ત્રણુ સપ્તમુખી ઘોડા,
બે નંબરના પાનાપર બે સપ્તમુખી ઘોડા,

એક નંબરના પાનાપર એક સપ્તમુખી ઘોડો, ચિત્રેલાં છે. અને બીજાગ્રહનાં પાનાં પણુ અનુક્રમે એજ રીતે સમજવા.

ડાવ ગોઠવવાની રીત.

સર્વથી પહેલો રવી, પછી સોમ, પછી મંગળ, પછી બુધ, પછી ગુરૂ, પછી શુક્ર, પછી શનિ, પછી રાહુ અને પછી કેતુ.

દિવસના સ્વામી નવગ્રહમાંથી પ્રત્યેક ગ્રહનું મહત્વ.

(જે વાર તે રાજા.)

રવીવારને દિવસે રવિરાજા શ્રેષ્ઠ; સોમવારે સોમરાજા શ્રેષ્ઠ; મંગળવારે મંગળ રાજા; બુધ વારે બુધ રાજા; ગુરૂવારે ગુરૂ રાજા;

શુક્રવારે શુક્રરાજા; શનિવારે શનિરાજા; પૂનેમે રાતનો રાજા રાહુ શ્રેષ્ઠ; પૂનેમે દહાડે જે વાર હોય તે રાજા શ્રેષ્ઠ. પણ રાત્રે ગૃહણુ થાય ત્યારે રાહુનું રાજ્ય હોય છે, માટે પૂનેમની રાત્રે રાહુ રાજા શ્રેષ્ઠ ગણાય છે. જો પુર્ણિમાપર ગ્રહણ થતું હોય તો તે ગ્રહણુના સ્પર્શ કાલથી મોક્ષકાલ સુધી રાહુ રાજા ગણાય. અમાવાસ્યાએ રાત્રે વાર પ્રમાણે રાજા થાય, પણ દિવસે કેતુ રાજા શ્રેષ્ઠ ગણાય. ને જો અમાવાસે ગ્રહણ હોય તો ગ્રહણ લાગ્યાથી છુટે ત્યાં સુધી કેતુ રાજાનો હક છે.

નવગ્રહ પૈકી રવિનાં પાનાં.

રવિ રાજા, સપ્તમુખી ઘોડાના રથમાં સ્વાર થયેલો.
રવિ પ્રધાન, સપ્તમુખી ઘોડાપર સ્વાર.
રવિ દસ્સો, સપ્તમુખી દશ ઘોડા.
રવિ નવવો, સપ્તમુખી નવ ઘોડા.
રવિ અટ્ઠો, સપ્તમુખી આઠ ઘોડા.
રવિ સત્તો સપ્તમુખી સાત ઘોડા.
રવિ છક્કો, સપ્તમુખી છ ઘોડા.
રવિ પંજો, સપ્તમુખી પાંચ ઘોડા.
રવિ ચોક્કો, સપ્તમુખી ચાર ઘોડા.

રવિ તીરરી, સપ્તમુખી ત્રણ ઘોડા.
રવિ દુરરી, સપ્તમુખી બે ઘોડા.
રવિ એકકો, સપ્તમુખી એક ઘોડો.

નવગ્રહ પૈકી સોમના પાનાં.

સોમ રાજા, હરણના રથમાં સ્વાર થયલો
સોમ પ્રધાન, હરણ ઉપર સ્વાર.
સોમ દસ્સો, દસ હરણ.
સોમ નવ્વો, નવ હરણ.
સોમ અઠ્ઠા, આઠ હરણ.
સોમ સત્તો, સાત હરણ.
સોમ છક્કો, છ હરણ.
સોમ પંજો, પાંચ હરણ.
સોમ ચોક્કો, ચાર હરણ.
સોમ તીરરી, ત્રણ હરણ.
સોમ દુરરી, બે હરણ.
સોમ એક્કો, એક હરણ.

નવગ્રહ પૈકી મંગળના પાનાં.

મંગળ રાજા, બકરાંના રથમાં સ્વાર થયલો.
મંગળ પ્રધાન, બકરાં ઉપર સ્વાર.
મંગળ દસ્સો, દસ બકરાં.
મંગળ નવ્વો, નવ બકરાં.
મંગળ અઠ્ઠો, આઠ બકરાં.
મંગળ સત્તો સાત બકરાં.
મંગળ છક્કો, છ બકરાં.
મંગળ પંજો, પાંચ બકરાં.
મંગળ ચોક્કો, ચાર બકરાં.
મંગળ તીરરી, ત્રણ બકરાં.
મંગળ દુરરી, બે બકરાં.
મંગળ એક્કો, એક બકરો.

નવગ્રહ પૈકી બુધના પાનાં.

બુધ રાજા, વાઘના રથમાં સ્વાર થયલો.
બુધ પ્રધાન, વાઘ ઉપર સ્વાર.
બુધ દસ્સો, દસ વાઘ.

બુધ નવ્વો, નવ વાઘ.
બુધ અઠ્ઠો, આઠ વાઘ.
બુધ સત્તો, સાત વાઘ.
બુધ છક્કો છ વાઘ.
બુધ પંજો, પાંચ વાઘ.
બુધ ચોક્કો, ચાર વાઘ.
બુધ તીર્રી, ત્રણ વાઘ.
બુધ દુર્રી, બે વાઘ.
બુધ એક્કો, એક વાઘ.

નવગ્રહ પૈકી ગુરૂનાં પાનાં.

ગુરૂ રાજા, હાતીની અંબાડીમાં સ્વાર થયલો.
ગુરૂ પ્રધાન, હાથી ઉપર સ્વાર.
ગુરૂ દસ્સો, દસ હાથી.
ગુરૂ નવ્વો નવ હાથી.
ગુરૂ અઠ્ઠો, આઠ હાથી.
ગુરૂ સત્તો, સાત હાથી.
ગુરૂ છક્કો, છ હાથી.
ગુરૂ પંજો, પાંચ હાથી.

ગુરૂ ચોક્કો, ચાર હાથી,
ગુરૂ તીરરી, ત્રણ હાથી.
ગુરૂ દુરરી, બે હાથી.
ગુરૂ એકકો, એક હાથી.

નવગ્રહ પૈકી શુક્રનાં પાનાં.

શુક્ર રાજા, ઘોડાના રથમાં સ્વાર થયલો.
શુક્ર પ્રધાન, ઘોડાપર સ્વાર.
શુક્ર દસ્સો, દસ ઘોડા.
શુક્ર નવ્વો, નવ ઘોડા.
શુક્ર અઠ્ઠો આઠ ઘોડા.
શુક્ર સત્તો, સાત ઘોડા.
શુક્ર છક્કો, છ ઘોડા.
શુક્ર પંજો, પાંચ ઘોડા.
શુક્ર ચોકકો, ચાર ઘોડા.
શુક્ર તીરરી, ત્રણ ઘોડ.
શુક્ર દુરરી, બે ઘોડા.
શુક્ર એકકો, એક ઘોડો.

નવ ગ્રહ પૈકી શનીનાં પાનાં.

શની રાજા, નંદીના રથમાં સ્વાર થયલો.
શની પ્રધાન, નંદીપર સ્વાર.
શની દસ્સો, દસ નંદી.
શની નવ્વો, નવ નંદી.
શની અઠ્ઠો, આઠ નંદી.
શની સત્તો, સાત નંદી.
શની છક્કો, છ નંદી.
શની પંજો, પાંચ નંદી.
શની ચોક્કો, ચાર નંદી.
શની તીરરી, ત્રણ નંદી.
શની દુરરી, બે નંદી.
શની એક્કો, એક નંદી.

નવગ્રહ પૈકી રાહુનાં પાનાં.

રાહુ રાજા, સિંહના રથમાં સ્વાર થયલો.
રાહુ પ્રધાન, સિંહપર સ્વાર.
રાહુ દસ્સો, દસ સિંહ.
રાહુ નવ્વો, નવ સિંહ.
રાહુ અઠ્ઠો, આઠ સિંહ.

રાહુ સત્તા, સાત સિંહ.
રાહુ છક્કો, છ સિંહ.
રાહુ પંજો, પાંચ સિંહ.
રાહુ ચોક્કો, ચાર સિંહ.
રાહુ તીરરી, ત્રણ સિંહ.
રાહુ દુરરી, બે સિંહ.
રાહુ એક્કો, એક સિંહ.

નવ ગ્રહ પૈકી કેતુનાં પાનાં.

કેતુ રાજા માછલાંના મુખમાંથી નીકળતો.
કેતુ પ્રધાન, માછલાંપર સ્વાર.
કેતુ દસ્સો, દસ માછલાં.
કેતુ નવ્વો, નવ માછલાં.
કેતુ અઠ્ઠો, આઠ માછલાં.
કેતુ સત્તો, સાત માછલાં.
કેતુ છક્કો, છ માછલાં.
કેતુ પંજો, પાંચ માછલાં.
કેતુ ચોક્કો, ચાર માછલાં.
કેતુ તીરરી, ત્રણ માછલાં.
કેતુ દુરરી, બે માછલાં.
કેતુ એક્કો, એક માછલું.

નવગ્રહના ગંજીફાની રમત.

ખેલવાની સમજુતી.

આ નવગ્રહના ગંજીફાની રમત કહાડવાનો હેતુ રમતમાં રમત અને નવગ્રહનાં નામનું સ્મરણ થાય એવો છે. એ ગંજીફાને પૂજાસ્થાનમાં રાખવો; અમંગળ સ્થાને રાખવો નહિ.

હવે આ રમત કેમ ખેલવી તે વિશે માહિતી આપું છું. જમીન પર બીછાનું હોય તેપર સફેદ ચોખુણી રૂમાલ પાથરી તેપર ત્રણ મનુષ્યોએ ખેલવા બેસવું. ગંજીફાના પાના ઉંધાં મૂકી વિખેરી નાંખી પછી એકઠાં કરી દેવાં. પછી ખેલનારા ત્રણમાંથી એક જણે તેમાંથી અડધો ભાગ ઉપાડી સૌથી નીચેનું પાનું પોતે જોવું તથા બીજા એને પણ બતાવવું. તે પાનું જે વાર તે દિવસે હોય તે ગ્રહનાં રાજાનું હોય તો તે કાપેલાં પાનાં પાછાં મુકી દઇ પાનાં ફરી કાપવાં, અને કાપેલાં પાનાનું નીચેનું પાનું ફરી બધાને દેખાડવું. પછી કાપેલાં પાનાં કોરાણે મૂકી પાના કાપનારના જમણા હાથે બેઠેલા માણસે તે પાના વહેચવાં.

દરેક જણને દર વખત ચાર ચાર પાનાં આપવાં. પહેલાં જમણા હાથે બેઠો હોય તેને, પછી ડાબે હાથે બેઠો હોય તેને આપવાં અને છેવટે પોતે લેવાં, એમ વારા પ્રમાણે પાના વ્હેંચવા. પહેલી વારનાં ચાર ચાર પાના બધાએજ ચતાં મુકી દેવા અને તેમાં જે વાર હોય તે વારના ગ્રહનાં પાનાનો રાજા આવ્યો હોય તો તે કાપેલા પાનાંની ઉપર મુકી દેવો અને તેને બદલે બીજુ પાનું આપવું. પછીના બધાં પાનાં ઉંધાંજ મુકવાં. ચતાં નહીં. અને જે માણસને પાનાં દેવાં હોય તેનાં તો પહેલાં ચાર પણ ઉંધાંજ મુકવાં; જો ભુલ ચુકથી પાના પિસનારો તેના પાનાં ચતાં મુકે તો તેના દેવાના પાના પીસનારે આપવાં પડે પડે. જેને માથે દેવાં પાનાં ચડયાં હોય તેણે પોતાનાં પહેલાં ચાર પાનાં જોવાં અને તેમાં સારાં પાનાં હોય તે ઉંચા મુકી બીજાં પાનાં જોયા વગર ઉંધાંના ઉધાં હારબંધ ગોઠવી રાખવાં, અને બધાને બધા પાનાં મળી રહે પછી તે પાનાઓ માંગ પમાણે આપવાં. તે પાનામાં તે દિવસનો જે રાજા હોય તે રાખી મુકી તેને બદલે એક બીજુ પાનું આપવું. પાનાં લેનારાઓએ આ પાનાં લઇ તેને બદલે ઠીક લાગે તે હલકાં પાનાં આપવાં.

જેણે પોતાના દેવાં આપી દીધાં હોય તેણે હાથમાંના પાનાં તપાસવાં. અને તેમાં પોતાના હાથ ન થાય એમ હોય તો પાનાં

લેનારા પાસેથી એક નિશાણનું પાનું માંગી લેવું. હવે જો બે જણાએ તેની પાસેથી પાનાં લીધાં હોય તો તેમાંથી જેણે વધારે પાનાં લીધાં હોય તેણે (જો પાનાં આપનારે ૨૪ પાનાં આપ્યાં હોય તો) 'નિશાણ'નું પાનું આપવું. અને જેણે દેવામાંથી મુક્ત થવું હોય તેણે આ 'નિશાણ'નું પાંનું સાધવું. 'નિશાણ'ના પાના આપનારે ગ્રહ એક જે નંબરનું પાનું પોતાની પાસ રાખ્યું તેથી ઉતરતું પાનુ આપવું. બીજું દુરનું પાનું આપવું નહિ. અને છેવટે તે પાનું દેખડાવવું. હવે જેણે 'નિશાણ'નું પાનું માંગી લીધું હોય તેણે તે સાધવા માટે સાવધ રહેવું. એ પાસથી પડતાં સઘળાં પાનાંપર લક્ષ રાખવું અને ઉપલા નંબરનું પાનું પડ્યા શિવાય નીચલા નંબરનું પાનું નાખવું નહિ. પોતાની પાસ કોઇ પણ ગ્રહનો છક્કો, પંજો, ચોક્કો, તીર્રી, વિગેરે પાના હોય તો છક્કો શિલકમાં રાખી પંજો, વિગેરે નાંખવા. પણ તેજ ગ્રહનો સત્તો પાડ્યા વગર છક્કો નાંખવો નહિ. એમ કરવાથી 'નિશાણ' સાધી શકાશે. અને 'નિશાણ' સાંધ્યાથી દેવું પતી જશે. હવે 'નિશાણ'નું પાનું નીચલા નંબરનું આપવાનું કારણ એકે છેવટે નીચલા નંબરનું પાનુંજ શ્રેષ્ટ થશે. અને ઉપર નંબરનાં પાનાં કમી થશે. રાજા પછી ઉપલો નંબર શ્રેષ્ઠ. છેવટે ત્રણેના હાથમાં એક્કો પાનુંજ રહેશે એટલે 'નિશાણ' સાધવાનું હોય ત્યારે છેવટે તેજ શ્રેષ્ઠ.

હવે સર્વ પાના વાટયા પછી પ્રત્યેક પોતે પોતાનાં પાનાં હાથમાં લઈ ગોઠવવા માંડવા. પાનાં ગોઠવવાની રીત આ ચોપડીમાં ઉપર લખેલી છે. તે જોવી. સર્વથી પહેલો રવિ અને સૌથી છેવટ કેતુ. એજ પ્રમાણે દરેક ગ્રહનાં પાનાં ગોઠવવાં. તે એમ કે સર્વથી પ્રથમ રાજા અને સર્વથી છેલ્લો એક્કો, આ રીત છે.

હવે પ્રથમ કોણે ખેલવું એ વિશે તમને કહું. જે વાર તે દિવસે હોય તે દિવસનો રાજા જેની પાસ હોય તેણે પ્રથમ ખેલવું કારણ તેના શ્રેષ્ઠપણા વિશે આ પુસ્તકમાં પેહેલેજ વર્ણન કરેલું છે તેનું મહત્વ કાયમ રાખી ખેલવું. આપણે જે દેવતાને પુજ્ય માનીએ છીએ તે દેવતાની પુજા તેના વારેજ કરીએ છીએ તેજ દિવસે આપણે અપવાસ કરીએ છીએ. તે પ્રમાણે જેનો વાર હોય તે ગ્રહને તે દિવસે શ્રેષ્ઠ માની માન આપવું. તેમજ રાહુને પુર્ણીમાની રાત્રી તથા કેતુને અમાસને દિવસે શ્રેષ્ઠ માનવો. એમ કરવાનું કારણ લક્ષમાં રાખવા યોગ્ય છે. ગ્રહણને દિવસે જે વાર હોય તે વાર નિમિત્ત કોઈને અપવાસ હોય તો ગ્રહણ રહે તેટલી વખત તે છોડી શકાશે નહિ. સારાંશ, ગ્રહણને દિવસ જે વાર હોય તેના ગ્રહ કરતાં રાહુ અથવા કેતુને જાસ્ત માન આપવામાં આવે છે એ પ્રકારે યોગ્ય ગ્રહને યોગ્ય વખતે માન આપવાથી તેને આનંદ થઈ તે આપણા મનોરથ પુર્ણ કરે છે. અને એથી ગ્રહોનું મહત્વ પણ સ્મરણમાં રહે છે. તેથી તેનું નામ સ્મરણ થાય છે અને નામસ્મરણથી મુક્તિ મળે છે.

નીચેના નિયમ લક્ષમાં રાખી ખેલવું.

ખેલના નિયમો.

નિયમ ૧ લો

પહેલો જે વાર હોય અથવા જેનો હક હોય તેના રાજાનો હાત થવા દેવો. પછી તેજ રાજાના પ્રધાનનો હાથ થવા દેવો. પછી બાકીના સર્વ રાજાઓના હાથ;પછી જે વાર હોય તેના દસ્સાનો હાથ; પછી બીજા બધા પ્રધાનોના હાથ. પછી જે વાર હોય તેના નવવાનો હાથ; પછી બીજા બધા દસ્સાનો હાથ. પછી જે વાર હોય તેના અઠ્ઠાનો; પછી બીજા બધા નવવાનો. પછી જે વાર હોય તેના સત્તાનો પછી બીજા બધા અઠ્ઠાનો, પછી જે વાર હોય તેના છક્કાનો; પછી બીજા બધા સત્તાનો. પછી જે વાર હોય તેના પંજાનો; પછી બીજા બધા છક્કાનો, પછી જે વાર હોય તેના ચોકકાનો; વિગેરે વિગેરે. જેનો વાર હોય તે ગ્રહના ઉતરતા નંબરનો હાથ થયા વગર બીજા સર્વ ગ્રહેના ઉપલા નંબરનો હાથ થઈ શકશે નહિ. આ પ્રકારે ખેલતાં જે ગ્રહનો વાર હોય તેને માન આપી શકશે.

નિયમ ૨ જો

પહેલાં રાજાનો હાથ કરવો; તે થયા શિવાય પ્રધાનનો હાથ થઇ શકતો નથી. જે ગ્રહના રાજાનો હાથ થયો હોય તેજ ગ્રહના પ્રધાનનો હાથ થઇ શકે, જેના પ્રધાનનો હાથ હોય તેનાજ દસ્સાનો હાથ થઇ શકે; તે થયા પછીજ નવવા નો હાથ થઈ શકે. જે ગ્રહના નવવાનો હાથ થાય તેનોજ અઠ્ઠાનો હાથ થઇ શકે; બીજા અઠ્ઠાનો હાથ થઇ શકે નહિ. એ પ્રમાણે ખેલવું. જે ગ્રહનું પાનું આપણી પાસ હોય તે ગ્રહનાં ઉપલાં પાનાંનો હાથ થયા પછી આપણા પાનાનો હાથ કરી લેવો. એ પ્રકારે ખેલ્યાથી ઉપરનાં આઠ પાનાંનું નીચલાં પાનાં તરફથી માન રહેશે.

નિયમ ૩ જો.

પહેલાં જે વાર હોય તેના રાજાનો હાથ જેણે લીધો હોય તેની પાસ તેનોજ પ્રધાન હોય તો તેણે તે પ્રધાનનો હાથ કરી લેવો. અને ફરીથી તેણે પોતાના ડાવમાંના બધા રાજાનો હાથ કરી લેવો. રાજા હાથમાં રાખવા નહિ. પછી જે વાર હોય તેનો (એટલે સરનો) દસ્સો પાસે હોય તો તેને હાથ કરી લેવો. પછી પાછાં જેટલા પ્રધાનના રાજાના હાથ કીધા હોય તેટલા

પ્રધાનના હાથ કરી લેવા. એ પ્રમાણે હાર બંધ ખેલવું. માત્ર તેમાં નિયમ ૧ લામાં કહેલી બાબતપર લક્ષ આપવું. હવે સરનો પ્રધાન તેની પાસ ન હોય તો તેણે તે પ્રધાનનું નામ લઇ કોઇ પણ પાનું ઉતરી જવું, અને જેની પાસ તે પ્રધાન હોય તેણે તે ઉતરવો અને ત્રીજા રહેલા માણસે એક પાનું ભરતીમાં નાંખવું. જેનો પ્રધાન પડયો તેનો હાથ થાય. પછી તેણે સરનો દસ્સો હોય તો તેનો હાથ કરી લેવો, પછી જે સરના પાનાં હોય તેનો હાથ કરી લેવો. તે ન હોય તો બીજું પાનું નાંખવું એટલે જેની પાસ સરનાં પાનાં હોય તે હાથ કરી લે. એ પ્રમાણે ખેલવું. રાજાનો હાથ લેવો નહિ. કારણ જેની પાસ સરનો રાજા હોય તેના બાકીના સર્વ રાજાના હાથ થયા વગર બીજાઓની પાસના રાજાના હાથ થઇ શકે નહિ. તેની પાસ રાજાના પાનાં નિમિત્ત માંગવાનો વારો આવે ત્યારે તે પાનાનો હાથ લઇ પછી આપણા બીજા રાજાના કરી લેવા. અને પછી ફરીથી સરનાં પાનાં હારબંધ માંગવાં. પણ તેમ કરતાં પહેલાં તેનાથી પોતાના પ્રધાનનો હાથ કરી શકાય નહિ. સરનો પ્રધાન જેની પાસ હોય તેની પાસથી પ્રધાન પડયાવગર બીજાઓથી પોતાના પ્રધાનનો હાથ થઈ શકે નહિ. ત્રીજા પાસ પાના નિમિત્તે ખેલવા આવ્યા પછી આવેલા પાનાનો હાથ કરી લેવો. પછી

સરનાં પાનાં માંગવાં. અને જેની પાસ પ્રધાન હોય તેને આવેલો હાથ લીધાં પછી તેની પાસ જે રાજા મોકળી તથા પ્રધાન હોય તેનો હાથ કરી લેવો. અને સરના જે નંબરનો હાથ કીધો હોય તેથી ચહડતા નંબરના સર્વ ગ્રહના પાનાંના હાથ કરી લેવા. એટલુંજ કે તેમ કરતાં બીજા કોઇ નિયમનો ભંગ થાય નહિ. ઉપર બતાવેલો અટકાવ ફકત રાજા તથા પ્રધાન સુધીજ લાગુ છે. પછી દસ્સા વિગેરેનાં પાનાને તે અટકાવ લાગુ પડતો નથી.

નિયમ ૪ થો.

સરનાં પાનાં જ્યાં સુધી સિલ્લકમાં હોય ત્યાં સુધી દસ્સો શ્રેષ્ઠ અને પછી તેના પછી ઉતરતાં પાનાં નંબરવાર શ્રેષ્ઠ. એટલે જે ગ્રહનો દસ્શો ગયો હોય તે ગ્રહના નવવાનો હાથ થાય. એ ક્રમ પ્રમાણે હાથ લઇ શકાશે. અને જે વેળા આ ઓળના હાથ થાય એમ હોય ત્યારે બીજા ગ્રહના ચઢતા નંબરનાં પાના હાથમાં હોય તો પણ પડી રહે અને આજ ઓળના હાથ થાય. પછી સરનાં પાનાં બધા ખપી જાય પછી દસ્સો મટીને એકકો સર્વથી શ્રેષ્ઠ થઇ પડે છે. દસ્સો સર્વથી હલકુ થઇ જાય છે. અને તેજ રંગના પાના ઉતરીજ હાથ કરવાની જરૂર રહેલી નથી. દાખલા તરી કે:— પ્રથમ આપણે એક ગ્રહનો એકકો નાંખ્યો અને હાથ

લીધો. પછી તેનીજ દુશ્શ્રી નાંખી હાથ કરવો ધારીવે તો તે બને નહિ. કારણ (સરનાં પાનાં બધાં ગયાં એટલે બીજાં સર્વ રંગની કીંમત સરખી થઇ ગઇ; કમજાસ્ત કોઇ રહ્યું નહિ. તેથી) બીજા રંગનો એક્કો નાખ્યો તો પણ તેનો હાથ થાય. કોઇની પાસ સિલ્લક ન રહ્યા હોય ત્યારે દુશ્શ્રીનો હાથ કરી શકાય. સારાંશ જે સૌથી હલકું પાનું નાખે તેનો હાથ થાય. હવે દરેક ખેલાડી પાસ રાજા સિલ્લકમાં હોય તો તે જાતનો પ્રધાન પણ સિલ્લકમાં હોયજ; તો પછી નીચે પ્રમાણે ખેલવુ. સરના એક્કાનો જેણે હાથ કરી લીધો હોય તેના હાથમાં જે રાજા હોય તે સઘળાના તેણે હાથ કરી લેલા, પછી જે રાજાના હાથ કરી લીધા હોય તે પ્રધનના પણ હાથ કરી લેવા. તે શિવાયના જે પ્રધાન હોય તેનું એકાદ હલકું પાનું ઉતરવું એટલે જેની પાસ તેનો રાજા હોય તે ઉતરી જાય અને હાથ લે. પછી તેણે પોતાની પાસના રાજાઓના હાથ કરી લેવા. અને તેના પ્રધાનોના પણ કરી લેવા. પછી જે કાંઇ પ્રધાનો હાથમાં રહે તેમાંના એકની જાતનું એક હલકું પાનું ઉતરી જવું. હલકાં પાનાં એટલે દસ્સા, નવ્વા, વિગેરે તિરરા, દુશ્શ્રા વિગેરે હલકા પાનાં સમજી નાખી દેવાં નહિ. કારણ તે પાનાં આગળ જતાં શ્રેષ્ઠ થનાર છે. જેના રાજા માટે સામો માણુસ જેની પાસ આવે તેણે તે રાજાનો હાથ લઇ બીજા હાથ થતા

હોય તે પણ કરી લેવા; નહિં તો એકકો અથવા દુરરી ઉતરવાં. હાથ થશે એમ નિશ્ચયજ હોય તોજ એ પાનાં ઉતરવાં, નીકર બીજાં હલકાં પાનાં ઉતારવાં. હાથ લેનારે પ્રથમ પ્રધાનના હાથ રાજા ઉતરી ગયા હોય તો, લેવા. નહિં તો જેના હાથમાં રાજા હોય તેણે રાજા નાંખી હાથ લેવો, બાજા પાનાંના હાથ લેવા નહિ. પહેલાં રાજા, પછી પ્રધાન પછી એક્કા, પછી દુરરી, એ ક્રમ પ્રમાણે હાથ લેવા.

નિયમ ૫ મો.

પ્રત્યેક જણે પોતાનાં પાના વારંવાર જોતા રહેવું. અને જે પાનાં સર હોય તે સઘળાંની ઉપર મુકી રાખવાં. એટલે આપણી ઉતર આવે ત્યારે ઉતરી શકાય, તેમજ જે રાજા ઉતરી જાય તેનો પ્રધાન પણ ઉપર લાવી મુકવો. અને જેનો પ્રધાન પડયો હોય તેનો દસ્સો પોતાની પાસ હોય તો તેને ઉપર લાવી રાખવો એ પ્રમાણે વારંવાર પાનાં ધ્યાનમાં રાખી જે પાનાં સર હોય તે ઉપર ગોઠવી લાગ આવતાંજ ઉતરી આપણો હાથ કરી લેવો.

નિયમ ૬ ઠો.

સરના પાનાં કોઇએ ભરતીમાં નાંખવા નહિ. કારણ તે પાન આપણી પાસ હોય તોજ દાવ આપણી પાસ આવે તેમજ

સન્માનાર્થે પણ તે નાંખવાં નહિ. જ્યારે એમ લાગે કે આ પાનાની આપણે જરૂર નથી ત્યારે તે પાનાં ભરતીમાં અથવા સન્માનાર્થે નાંખી દીધાં હોય તો હરકત નહિ, અથવા બીજાનો દાવ પુરો કરી દેવાના હોય ત્યારે પણ તે પાનાં આપવાં પડે.

નિયમ ૭ મો.

જે વાર હોય તેના સન્માનાર્થ જે પાનું નાખવું પડે તે કોઈ પણ ગ્રહનું હોય તો પણ ચાલી શકે. અમુકજ નાંખવું જોઇએ એમ નથી. પહેલાંથી રાજાનો જે હાથ થવાનો હોય તેની સાથે જે એક બીજું પાનું ઉતરવામાં આવ્યું હોય તે હલકું અથવા ભારી ગમે તેવુ હોય તો પણ તેનો હાથ થવા દેવો. તે શિવાય બીજા કોઇ પણ રાજા અથવા પાના સાથે બીજા પાનાનો હાથ થવા દેવો નહિ નહિં તો ખેલનારને ખેલવાની સગવડજ રહેશે નહિ. એકમેક પાસ જાવા આવવાનો એ માર્ગ છે. તેથી પેહેલેથીજ પોતાના રાજા મોકળા થાય તે અર્થે જે વાર હોય તેના પ્રધાનનો હાથ કરવા દેવા માટે બીજા પાસ જાવું પડે છે. પછી આપણા હાથમાંથી બધા પ્રધાન મોકળા થાય માટે જે વાર તે દિવસે હોય તેનો દસ્સો માંગવા જવું પડે છે. આ રીતે સર્વ ગ્રહના ઉપલા નંબરો મોકળા કરવા સારૂં સરના નીચલા નંબરો પહેલે ઉતરી જવા જોઇયે.

નિયમ ૮ મો.

દેવાદારનું દેવું છુટે નહી તેથી લેણદાર તેને 'નિશાણ'નું પાનું આપે છે. ત્યારે છેવટે હાથમાં એકેક પાનું શિલક રહે તે લેણદાર પરજ પાનું ઉતરવાની પોતાની હોય તો દેવાદાર 'નિશાણ' સાદી શકશે અને બીજોજ ઉતરવાનો હોય તો તેના 'નિશાણ' સાધવાનો પ્રયત્ન વ્યર્થ જાય, માટે બાકીના આપણા હાથ કરી લઇ છેવટે હાથમાં એકજ પાનું રાખવું જોઇયે. પછી જેણે 'નિશાણ'નું પાનું આપ્યું હોય તેની પાસ ખેલાવવું અને 'નિશાણ' સાધનારે 'નિશાણ' સાધવું. નિશાણ સંધાયું તો સાધનારે તે હાથ લેવો નહિંતો જેઓએ ખેલવાની મોકળાસ આપી હોય તેને તે હાથ મળશે.

કર્તાની વિનય પુર્વક વિનંતિ.

આ સર્વ ઉદ્યોગ કરવામાં મારો હેતુ એમ છે કે મુંબઇ શહેરમાં શ્રીનવગ્રનું દેવાલય બંધાવવું. મુંબઈમાં પુષ્કળ દેવોનાં દેવળો છે, પણ નવગ્રહાનાં એક પણ નથી, તે કારણથી નવગ્રહના ઉપાંસકોનો હેતુ પરિપુર્ણ થતો નથી. આવું દેવળ બાંધવાનો ઉદ્યોગ આ શહેરમાં આજ પર્યંત કોઇએ બરોબર કર્યો નથી. જેની પાસ પૈસેઓ છે તેઓની પાસ સ્વન્પામાં સુદ્ધાં આવી

ધર્મ કલ્પના આવતી નથી. અને જેઓના મનમાં આવી કલ્પના રાત દિવસ ઘોળાયાં કરે છે તેની પાસ પૈસેઓ નથી! આવી સ્થિતિમાં પ્રયત્ન કરતાં તેજ નવગ્રહ પ્રસન્ન થઇ મારો હેતુ પરિપૂર્ણ કરશે એવી ઉમેદ રાખી મે આ પ્રયત્નની શરૂઆત કરી છે. આ કર્મ પાછળ મે ગાંઠથી પુષ્કળ ખર્ચ કરી આ ગંજીફાની યોજના જાહેરમાં મૂકી છે. તો એ હકીકત લક્ષમાં રાખી સર્વ મારી વિનંતિ પ્રત્યે લક્ષ આપશે એવી આશા રાખું છું.

એમ થશે તો મારો હેતુ સફળ થઇ લોકો તેઓની મદદનું ફળ પણ મળશે. શ્રીનવગ્રહના દેવાલય વાસ્તે આપેલી મદદનું ફળ તે નવગ્રહ અનેક પ્રકારે આપ્યા વગર રહેશે નહિ. બીજા કામમાં આપણા પુષ્કળ પૈસા ખર્ચ કરીએ છીએ; સોરટીમાં લોકો હજારો રૂપિઆ ખર્ચે છે; તે બધામાં એકાદને સોરટી લાગે છે જયારે બાકીનાઓ હાથ ઘસી બેસી રહે છે. એવા વખતે તેઓ પોકારે છે કે " આપણા પૈસા ફોકટ ગયા, તેના કરતા આપણે ધર્મ કર્યો હત તો ઠીક થાત." એમ કહેવાનો વારો આવે તે કરતાં આના જેવા ધર્મ કામમાં મદદ કરી હોય તો કેવું સારૂં. ધર્મ કર્મમાં તો એકજ વખત મદદ કરીએ તો તેનું ફળ લાંબો વખત સુધી મળે; નવગ્રહનું દેવાલય બંધાઇ તેની

પુજા પાત્રી થતી રહેશે તેના પુણ્યનો ભાગ નિશ્ચય મળશેજ. માટે સદગૃહસ્થોએ મિત્રમંડળી સહિત યથા શક્તિ મદદ મોકલાવવા મહેરબાની કરવી. મદદની પોંચ વર્તમાનપત્ર મારફત પ્રસિદ્ધ કરવામાં આવશે, ફંડ ભરાઈ રહ્યા પછી એક જાહેર સભા ભરી તેમાં એક કમીટી નીમી ખર્ચની વ્યવસ્થા કરવામાં આવશે. અને છેવટનો હિસાબ વર્તમાનપત્રમાં છપાશે. આમાં કોઇને શંકા આવતી હોય તો તેણે હાલ પૈસા ન મોકલતાં ફકત કાગળ પર રકમ ભરી મોકલવી અને પછી કારભારી કમીટી નિમ્યા બાદ તેને તે રકમ આપવી. વિશેષ મદદ કરનારનાં નામ જાહેર રીતે દેવાલયમાં દેખાય એમ ગોઠવણ થશે. આમાં શો ખર્ચ થશે તેનો અંદાજ હાલ કહાડી શકાતો નથી. મુંબઇ જેવી જગ્યામાં સારી જમીન મળવી કઠણ; અને તેની કીંમત પણ ભારે પડવાનીજ; દેવાલય પણ મુંબઇના ઠાઠ પ્રમાણે બાંધવાનું; મુર્ત્તિના સ્થાપનનો પણ મોટો ખર્ચ થશે. અને પછી હમેશના દેવ પુજા વિગેરેના કામના ખર્ચની કાંઇ પણ જાથુની વ્યવસ્થા કરવી પડશે, એ સર્વે ખર્ચ લક્ષમાં આણી તે પ્રમાણમાં ભાવિક જનો એ આ ધર્મ કાર્યને મદદ કરવી એવી નમ્ર વિનંતિ છે.

अनन्याश्चिंतयंतो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्

પુસ્તકો મળવાનું ઠેકાણું.

શંકર સખારામ હેન્દ્રે-

નામદેવ શિંપી, સાતારકર.

C/o રા. રા. જ્ઞાનોબા વીઠોબા વીરના
કાપડની દુકાનમાં મળશે.

પોષ્ટ નં૦ ૯, મુંબઈ.